# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં તાલીમાર્થી ત્રીજીશ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને સુરત મહાનગરપાલિકાની વિવિધ કામગીરી જેવી કે મહેકમ, પેન્શન, આકારણી, વ્યવસાયવેરા, હિસાબી વિભાગ વગેરેને લગતી કામગીરીની તાલીમ આપવા અંગે તા.૦૭/૦૨/૨૦૧૭ તથા તા.૦૯/૦૨/૨૦૧૭ના રોજ સંજીવકુમાર ઓડિટોરીયમ પાલ ખાતે તાલીમ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. તા.૦૭/૦૨/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે માન.મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન, માન.ડે.મ્યુ.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ તેમજ માન.ડે.મ્યુ.કમિશનરશ્રી બંકિમભાઈ આઈ. દેસાઈએ દિપપ્રાગટ્ય કરી તાલીમ સેમીનારનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત મ્યુ.કમિશનરશ્રીએ તમામ કર્મચારીઓને આ તાલીમ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ સુરત મહાનગરપાલિકાની કામગીરીથી જાહેર જનતાને સંતુષ્ટિ થાય તેવી કામગીરી તથા વ્યવહાર કરવા જણાવ્યું હતું. વધુમાં તમામ કામગીરી બાબતે ટાઈમ મેનેજમેન્ટનું મહત્વ પણ સમજાવ્યું હતું. આ તાલીમ સેમિનારમાં મોટી સંખ્યામાં તાલીમાર્થી કર્મચારીઓ હાજર રહયા હતા.

સમાચારયાદી નં.૧૭૪૧<br>
તા.૦૭/૦૨/૨૦૧૭<br>
જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.











૧૭૪૨

# પ્રેસનોટ

# "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૮/૦૨/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.**-૧૫-પુણા(પૂર્વ), યોગીચોક કોમ્યુનીટીહોલ, સાવલીયા સર્કલ પાસે, શિવદર્શન સોસા.પાસે, પુણાગામ, સુરત **ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૭૪૩

# સુરત મહાનગરપાલિકા આયોજીત બે દિવસીય તાલીમ

સુરત મહાનગરપાલિકા દ્વારા તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને સુરત મહાનગરપાલિકાની વિવિધ કામગીરી જેવી કે, મહેકમ, પેન્શન, આકારણી, વ્યવસાય વેરા, હિસાબી વિભાગ વિગેરે વિભાગોને લગતી કામગીરી અંગે બે દિવસીય તાલીમનું આયોજન ૭ અને ૯ ફેબ્રુઆરી ૨૦૧૭ નાં રોજ સંજીવકુમાર ઓડીટોરીયમ, પાલ, સુરત ખાતે કરવામાં આવેલ છે, જેનો શુભારંભ આજરોજ થયો હતો. મ્યુનિ. કમિશ્નરશ્રી એમ. થેન્નારસન, ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રી સી.વાય. ભટ્ટ તથા ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રી બી. આઈ. દેસાઈ દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મ્યુનિ. કમિશ્નરશ્રી એમ. થેન્નારસનએ પોતાના ઉદબોધનમાં તાલીમાર્થી ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે નિમણુંક પામેલ કર્મચારીઓને સારી મહેનત કરી વધુ માર્કસ મેળવી નિમણુંક પામવા બદલ અભિનંદન પાઠવી આ તાલીમનો લાભ મેળવવા બદલ નસીબવંત ગણવ્યા હતા. શહેરનાં નગરજનો વિવિધ સેવા, ફરીયાદ, સમસ્યાઓ વિગેરે બાબતે રજુઆત કરવા આવે ત્યારે સૌજન્યપુર્વક ઝડપથી તથા સંતોષકારક રીતે તેઓનાં ફરીયાદ/ કામનો નિકાલ કરવામાં આવે તે મુજબનું વર્તન રાખવા જણાવ્યુ હતુ. આ પાયાનાં કર્મચારીઓને સુરત મહાનગરપાલિકા તથા રાજય સરકારનાં પ્રતિનિધિ ગણાવ્યા હતા. સુરત મહાનગરપાલિકા તરફથી પુરી પાડવામાં આવતી તમામ સુવિધાઓમાં ડીજીટાઈઝેશનનો મહત્તમ ઉપયોગ થાય તેવા પ્રયત્નો કરવા જણાવ્યુ હતુ. ઉપરાંત રોજબરોજની કામગીરીમાં ટાઈમ મેનેજમેન્ટનો ઉપયોગ કરવા જણાવ્યુ હતુ.

ડેપ્યુટી કમિશ્નરશ્રી બી. આઈ. દેસાઈએ તાલીમની શરૂઆતમાં સુરત મહાનગરપાલિકાનાં તમામ આસી. મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ તથા પર્સોનેલ ઓફિસરશ્રીઓથી તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. બે દિવસીય આ તાલીમમાં આવરી લેવામાં આવનાર તમામ વિષયો જેવાં કે, મહેકમ વિભાગ હેઠળ રોસ્ટર, રીક્રુટમેન્ટ પ્રોસેસ, નવી નિમણુંક, પ્રોબેશન, આશ્રીતોને નિમણુંક, કર્મચારીને કાયમી કરવા, ડીપાર્ટમેન્ટલ પ્રમોશન, કર્મચારીનાં નામફેર, ઉચ્ચત્તર પગારધોરણ, પેન્શન, ખાતાકીય તપાસ, વિદેશ પ્રવાસ, પાસપોર્ટ રીન્યુઅલ, વિઝા, વિદેશ પ્રવાસ, વધુ અભ્યાસ વિગેરેની એનઓસી ની કાર્યપધ્ધતિ  વિગેરે મહેકમ સંબંધિત કામગીરીની ટુંકમાં વિગતો આપી હતી. આ તાલીમ દ્વારા કર્મચારીઓની પોતાની રોજબરોજની કામગીરી કેવી રીતે સરળ, અસરકારક અને ઝડપી બને તેની સમજ આપી હતી. ઉપરનાં તમામ વિષયોની તાલીમ અંગેની તૈયારી સુરત મહાનગરપાલિકામાં જ હાલમાં નિમણુંક પામેલ કર્મચારીઓ પાસે જ જરૂરી માર્ગદર્શન આપી તૈયાર કરાવવામાં આવી હતી અને તેઓએ જ જે તે વિષયનું પ્રેઝન્ટેશન રજુ કરી ઉપસ્થિતો સમક્ષ રજુ કર્યુ હતુ. અંદાજે ૯૦૦ થી પણ વધુ કર્મચારીઓએ આ બે દિવસીય તાલીમ લેનાર છે.

**આ તાલીમ દ્વારા રોજબરોજની કામગીરી ઝડપથી અને અસરકારક રીતે કરી શકાય, જેથી નગરજનોને સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતી સુવિધાઓ પણ ઝડપથી ઉપલબ્ધ થઈ શકે એ આ તાલીમ અંગેનો હેતુ છે.**







૧૭૪૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ **" છીંક ડે "** તથા **" કેન્સર ડે "**ની થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૨/૧૭ના રોજ કેન્સર ડે જન જાગૃતિ માટે રેલી તમામ અર્બન હેલ્થ સેન્ટર, IMA, FPA, IAP, દ્વારા ઝોનવાઈઝ રેલીનું આયોજન કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૨/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના તમામ અર્બન હેલ્થ સેન્ટર, વેકસીન વિભાગ, IMA, FPA, IAP ઝોનવાઈઝ ડોકટર એસોસીએશન દ્વારા રેલી અને જનજાગૃતિ કરવામાં આવી હતી તથા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રેલીમાં ભાગ લેનાર નાગરીકોને આરોગ્યલક્ષી શિક્ષણ તથા સુકો અને ભીનો કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં નાખવા માટેની સમજ આપવામાં આવી હતી.

| તમામ અર્બન હેલ્થ સેન્ટરની સંખ્યા | વેકસીન વિભાગની સંખ્યા | IMA, FPA, IAPની સંખ્યા | રેલીમાં હાજર રહેલ નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર |
|---|---|---|---|---|
| 19 | 82 | 100 | 684 | 29 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૭૪૬

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૯/૦૨/'૧૭ ને ગુરુવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.**-૨૧-(ઇચ્છાનાથ-ડુમસ), સી.બી.ભંડારી,સરસ્વતી વિદ્યાભવન, મગદલ્લા, ડુમસરોડ, સુરત **ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૭૪૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ " **છીંક ડે** " તથા " **કેન્સર ડે** "ની થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૨/૧૭ના રોજ બાયોમેડીકલ વેસ્ટનું ચેકીંગ તથા રજીસ્ટ્રેશન ચેક કરવું, નિયમિત બાયોમેડીકલ વેસ્ટનો નિકાલનો કરવામાં આવે છે?, રજીસ્ટ્રેશન ન હોય તો રજીસ્ટ્રેશન કરવા સમજ આપવી અને વહીવટી ખર્ચ વસુલ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૬/૦૨/૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ મ્યુ/ખાનગી હોસ્પીટલો, કલીનીકોમાં આરોગ્ય વિભાગની સંયુકત ટીમ દ્વારા હોસ્પીટલો/કલીનીકો માંથી નીકળતા બાયોમેડીકલ વેસ્ટનું ચેકીંગ કરી તેનો નિકાલ નિયમ અનુસાર થાય છે કે કેમ, રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે કેમ, તેનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ રજીસ્ટ્રેશન  હોય તેવી હોસ્પીટલો/કલીનીકનાં વહીવટીકર્તાઓને બાયોમેડીકલ અલગ અલગ કોથળીઓમાં પેકીંગ કરી તેનો નિકાલ કરાવવા તથા રજીસ્ટ્રેશન ન થયેલ સંસ્થાઓને રજીસ્ટ્રેશન કરવા અંગેની સમજ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપી તેઓની પાસે વહીવટીચાર્જ વસુલ  કરવાની કામગીરી પણ કરવામાં આવી હતી.

| બાયોમેડીકલ વેસ્ટનું ચેકીંગ કરવા બાબત | | | | | |
|---|---|---|---|---|---|
| ચેક કરવામાં આવેલ દવાખાના/હોસ્પિટલોની સંખ્યા | રજીસ્ટ્રેશનકરેલ સંસ્થાની સંખ્યા | | કચરાના નિકાલ કરવામાં આવેલ તેવી સંસ્થાઓની સંખ્યા | નોટીસ | વહીવટીચાર્જ |
| | હા | ના | | | |
| 216 | 202 | 14 | 216 | 14 | 15700 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૪૮

પ્રેસ નોટ

.......................

**માહે જાન્યુઆરી ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૭ દરમ્યાન ૪૪૦૨ ઈન્ડોર તથા ૫૨૯૯૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૨૭૪ તથા ૭૨૩ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૮૯૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૮૩૯ અને જુના ૧૨૭૭ દર્દીઓ સહીત કુલ ૨૧૧૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૮૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૧૬ તથા આંખ વિભાગમાં ૩૬૬૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૬૩૧૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**<u>પ્રેસનોટ</u>**

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૦૭/૦૨/૨૦૧૭ તથા તા.૦૮/૦૨/૨૦૧૭ના રોજ લારી–ગલ્લા, અન્ય દબાણ ઉઠાવવાની કામગીરી, ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી તથા રીઝર્વેશન પ્લોટનો પ્રત્યક્ષ કબજો મેળવવાની કામગીરીની વિગત**

(૧) તા.૦૭/૦૨/૨૦૧૭ના રોજ મા. કમિશનરશ્રીની સુચના અન્વયે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ તમામ '૦' રોડ પૈકીના કુલ ૧૦ (દસ) રોડ ઉપરથી નીચે મુજબના લારી–ગલ્લા તથા અન્ય દબાણ ઉઠાવવાની કામગીરી કરવામાં આવેલ હતી.

(૧) ખુલ્લી લારીઓ નંગ–૫૯
(૨) બંધ લારીઓ નંગ–૦૯
(૩) કેબીન નંગ–૦૫
(૪) કાઉન્ટર નંગ–૨૯
(૫) અન્ય માલસામાન નંગ–૦૭

**જે અન્વયે કુલ્લે નંગ –૧૦૯ સામાન જપ્ત કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.**

(૨) તા.૦૮/૦૨/૨૦૧૭ના રોજ સ્માર્ટ સીટી અંતર્ગત સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં મંજુર પ્રિલિમીનરી ટી.પી.સ્કીમ નં. ૧૯(પરવટ–મગોબ) નો સમાવેશ કરવામાં આવેલ છે. નામદાર સરકારશ્રીના ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સદરહુ મંજુર પ્રિલીમીનરી ટી.પી.સ્કીમ નં. ૧૯ (પરવટ–મગોબ) મુજબ રીઝર્વેશનના ફા.પ્લોટ નં. ૧૦૩ (જાહેર હેતુ) ક્ષેત્રફળ ૭૯૭ ચો.મી. વાળી જગ્યામાં આવેલ આર.સી.સી.નું આશરે ૨૫'×૩૦' નું અંદાજીત ૧૫ (પંદર) વર્ષ જુનુ ગોડાઉન પ્રકારનું બાંધકામ દુર કરી સદરહુ જગ્યાનો સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવેલ છે.

(૩) તા.૦૮/૦૨/૨૦૧૭ના રોજ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં.૪/બી માં આવેલ માનસરોવર સોસાયટીના સબ પ્લોટ નં. બી–૧૦૮ વાળી મિલ્કતમાં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વિનાનું ગ્રાઉન્ડ ફ્લોર પર ૩(ત્રણ)– દુકાનોના શટરો દૂર કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ડેપ્યુટી કમિશનરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તથા સીક્યુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 1749
તા.૦૮/૦૨/૨૦૧૭

૧૭૫૦

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૦૨/૧૭ તથા તા.૦૮/૦૨/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના અલથાણ–ભીમરાડ(કેનાલ રોડ) પર આવેલ ટી.પી.સ્કીમ નં.૩૭(અલથાણ–સાઉથ), ફા.પ્લોટ નં.૨, સી.સ.નં.૧૩૩૧ વાળી ભોંયતળિયા+પાંચ માળનાં હયાત બિલ્ડીંગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૧૧૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં છઠ્ઠો માળ બનાવવાના ઈરાદે આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું કરેલ ગેરકાયદેસર બાંધકામ આજરોજ દૂર કરવામાં આવેલ છે. મિલ્કતદાર પાસે ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૯૫,૦૦૦/–વસુલ લેવામાં આવેલ છે. સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના શહેર વિકાસ વિભાગ, સીકયોરીટી સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.
- તા.૦૭/૦૨/૧૭ ના રોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન અને સાઉથ ઝોન(ઉધના)ના દબાણ વિભાગ દ્વારા ઝીરો દબાણ રોડ તેમજ અન્ય રસ્તાઓ જેવાં કે અઠવા ગેટ જંકશન થી કારગીલ ચોક થઈ વાય જંકશન, ડી.આર.બી. કોલેજ, અઠવા ઝોન રોડ, અલથાણ ટેનામેન્ટ ભટાર રોડ પર દબાણ હટાવવાની કામગીરી દરમ્યાન ખુલ્લી લારી નંગ–૩૨, બંધ લારી નંગ–૯, કાઉન્ટર નંગ–૯, કેબીન નંગ–૩, છાપરા લારી નંગ–૪, પાથરણાં નગ–૧૭, થ્રી–વ્હીલ ટેમ્પો નંગ–૧ તેમજ અન્ય ચીજવસ્તુ નંગ–૧૩૯ જપ્ત કરી રૂા.૮૦૦૦/– દબાણ ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

૧૭૫૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૦૧/૦૨/૧૭ થી તા.૧૫/૦૨/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૦૧/૧૭ તથા તા.૧૧/૦૨/૧૭નાં રોજ **" છીંક ડે "** તથા **" કેન્સર ડે "**ની થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૨/૧૭ના રોજ તમામ હોસ્પિટલમાં વર્ગીકૃત કચરા માટે કચરાપેટી મુકવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૨/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ દરેક મ્યુ./ખાનગી હોસ્પીટલો અર્બન હેલ્થ સેન્ટર, હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમમા સંયુકત ટીમો દ્વારા બાયોમેડીકલ વેસ્ટ નિકાલ કરવા બાબતે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતુ તેમજ દરેક સ્થળોએ બાયોમેડીકલ વેસ્ટનું વર્ગીકરણ કરાવી લાલ, પીળી, કાળી કોથળીઓમાં કયા કયા પ્રકારનો કચરો રાખવો તે બાબતે ઉડાણ પુર્વક સમજ તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| હોસ્પિટલોની સંખ્યા | લેબોરેટરીની સંખ્યા | યોગ્ય વર્ગીકરણ કરવામાં આવે છે? | | સુપરવાઈઝર |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| 71 | 6 | 77 | - | 16 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

# પ્રેસનોટ સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ સવારે ૦૯.૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન યોગીચોક કોમ્યુનીટી હોલ ,સાવલીયા સર્કલ પાસે,શિવદર્શન સોસા પાસે ,પુણાગામ ,સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં મ્યુનીસીપલ ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી એ આવકાર પ્રવચન આપતા જણાવેલ કે "સેવાસેતુ" કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં શ્રીમતી કૈલાશબેન વિ. ભાલિયા, શ્રીમતી મંજુબેન દુધાત ,શ્રી ભરતભાઇ વઘાસિયા ,શ્રીમતી સોનલબેન દિનેશભાઇ દેસાઇ,શ્રીમતી હંસાબેન સાંગાણી, શ્રી ધિરુભાઇ લાઠીયા મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૨૦૭૬ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.



















સુરત




સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"









૧૭૫૩

## —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૭૭ એ/બી તુલસીધામ સોસાયટીના પ્લોટ નં. ૨૧૦ આશરે ૮૦ ચો.મીટર માપ વિસ્તારમાં આર.સી.સી. દાદર અને ઓટલાનું ડિમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન)ના રીઝર્વ પ્લોટ નં.૭૫ માં આશરે ૬૧૬ ચો.મીટર તેમજ પ્લોટ નં.૭૭માં આશરે ૬૧૬ ચો.મીટર વિસ્તારમાંથી કાચા પાકા તબેલાઓનું દબાણ દુર કરી આશરે ૧૨૩૨ ચો.મીટરનો કબ્જો લેવામાં  આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૭૫૪

# :: પ્રેસનોટ ::

## : "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" :

"પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા" અંતર્ગત **દોડ સ્પર્ધા** તા.૧૮/૦૨/૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા **સાયકલ સ્પર્ધા** તા.૧૯/૦૨/૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસે, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોઈ પણ શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ફોન નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–Ext : 245) ખાતેથી મેળવી તા.૧૬/૦૨/૨૦૧૭ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

૧૭૫૫

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૧૦/૦૨/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન **વોર્ડ.નં.**- ૨૬-ડીંડોલી (દક્ષીણ), નવાગામ તળાવ, ધોડિયાવાડની સામે, મોદી એસ્ટેટ વિભાગ-"૦" ની બાજુમાં, સીએનજી પંપ, નંદનવન રોડ, નવાગામ/ ડીંડોલી, સુરત **ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૯/૦૨/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સી. બી. ભંડેરી સરસ્વતી વિદ્યાભવન, મગલલ્લા–ડુમ્મસ રોડ, સુરતખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યુ કે 'સેવાસેતુ' કાર્યક્રમ સામાન્ય લોકોના હિત માટે યોજવામાં આવે છે. લોકોને નાના–નાના કામો માટે સેવા મેળવવા વિવિધ કચેરીઓમાં ધકકા ખાવા પડતા. 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોના દ્વારે જઈ સેવા પુરી પાડી જેથી લોકોના વિવિધ સેવાઓ મેળવવા અંગેના પ્રમાણપત્રો મેળવવા સંબંધી પ્રશ્નો દુર કરી શકાય. કાર્યક્રમના સંદર્ભમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કેસુરત મહાનગર પાલિકા દ્વારા સુવ્યસ્થિત આયોજન કરી લોકોને ઓછામાં ઓછી મૂશ્કેલી પડે તેવો પ્રયાસ કરી વોર્ડવાઈઝ સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કર્યુ છે તથા લોકોએ મોટી સંખ્યામાં સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સુરત મહાનગર પાલિકાના આ પ્રયાસનો સ્વિકાર કર્યો છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, ગટર સમિતિ અધ્યક્ષ શ્રીમતી સુધાબેન નાહટા તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૧૪૧૭ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.






પારદર્શી પ્રશાસન








મહાનગરપાલિકા
પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર


સુરત મહાનગરપાલિકા
પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર



પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર



સુરત મહાનગરપાલિકા




પુછપરછ
કાઉન્ટર



# —: પ્રેસનોટ :—

૧૭૫૭

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન/દબાણ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૭૭ એ/બી તુલસીધામ સોસાયટીના ૬.૦૦ મી.ના આંતરિક રસ્તામાંથી નડતરરૂપ આશરે ૭૦.૦૦ ચો.મીટર માપ વિસ્તારમાંથી આર.સી.સી.ઓટલા તથા લોખંડના દાદરનું દબાણ દુર કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન)ના ફા.પ્લોટ નં.૭૮ના રીઝર્વ પ્લોટમાંથી તબેલાઓનું દબાણ દુર કરી આશરે ૩૩૨ ચો.મીટરનો કબ્જો લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૨(ઉધના), ફા.પ્લોટ નં.૬૩, આશાનગર સોસાયટી–૧માં પ્લોટ નં.૧૨૪,૧૨૫ના સોસાયટી રોડ માર્જીનમાંથી આશરે ૧૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન),જલારામનગર સોસાયટીમાંથી સોસાયટી રોડ માર્જીનની જગ્યામાંથી આશરે ૧૨૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી કાચા પાકા મકાનનું દબાણ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ–સોનારી–ગભેણી), યાહયાનગર પાસે ૧૮.૦૦મી. ટી.પી.રોડમાં આશરે ૯૫૦ ચો.ફુટની જગ્યામાંથી કાચા પાકા મકાનો દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૭૫૮

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૮.૦૨.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૫** ફાઈલના **રૂા.૦.૧૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૫ લોકેશન (ખાડા) ૩૮૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૭.૮૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા) **૨૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન, **૧૬૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** સાઉથ ઝોન (ઉધના) માં ભેસ્તાન આવાસ પાસેથી ૦૫ લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ.તથા **રૂા.૪,૫૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ.,સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૭૭ એ/બી તુલસીધામ સોસાયટીના પ્લોટ નં. ૨૧૦ આશરે ૮૦ ચો.મીટર માપ વિસ્તારમાં આર.સી.સી. દાદર અને ઓટલાનું ડિમોલીશન કરવામાં આવેલ છે. તેમજ સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન)ના રીઝર્વ પ્લોટ નં.૭૫ માં આશરે **૬૧૬ ચો.મીટર** તેમજ પ્લોટ નં.૭૭માં આશરે **૬૧૬ ચો.મીટર** વિસ્તારમાંથી કાચા પાકા તબેલાઓનું દબાણ દુર કરી આશરે **૧૨૩૨ ચો.મીટર**નો કબ્જો લેવામાં આવેલ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ ડલેવામાં આવેલ., તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા**:** ૪૬ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૮૨.૭૬** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૬.૧૧** લાખ થયેલ છે.,**૧૩** EC તથા **૦૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૫૫૧/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૨૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૯૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૭** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૨૫.૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.**૩,૩૦૦/– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૮૨૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૫૫૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૫૬૧** કરવામાં આવેલ છે. જયારે **૩૨** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૭૫૯

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૩/૦૨/૨૦૧૭ થી તા.૦૯/૦૨/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૨,૧૨,૫૧૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૭,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૧૮.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૩.૨૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૭૯ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૫૯,૬૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૪ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૫,૫૨૫ અને ૫,૫૬૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૮૫,૪૮૦/– અને રૂા.૨,૦૦,૯૦૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૮૬,૩૮૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૧૭૬૦

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૧૦/૦૨/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન નવાગામ તળાવ,ધોડિયાવાડની સામે, મોદી એસ્ટેટ વિભાગ '૦' ની બાજુમાં, નંદનવન રોડ, નવાગામ ડિંડોલી, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીંક ઉદબોધન કરતા શાસક પક્ષ નેતાશ્રી ગીરજાશંકર મીશ્રાએ જણાવ્યુ કે સરકાર સતત લોકોને સુખી અને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહી છે. લોકોની વિવિધ યોજનાઓ તથા તેના લાભ લેવા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની મૂશ્કેલીને સમજી ' 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોને સરળતાથી, એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભ મળી રહે તેવુ આયોજન કર્યુ છે. સુરત મહાનગર પાલિકાના સુવ્યવસ્થિત આયોજન થકી વધુને વધુ લોકોને વિવિધ સેવાનો લાભ અપાવી રાજયભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બીરદાવી હતી. કાર્યક્રમમાં સદસ્યશ્રી દયાશંકર શકલનારાયાણસિંહ આવકાર પ્રવચન કરેલ તથા આભારવીધી સદસ્યશ્રી સુભાષભાઈ પાટીલે કરેલ.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૧૮૩૮ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

























સુરત મહાનગરપાલિકા



